# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ    <u>સમય : રાત્રીના ૧૦.૩૦ કલાક સુધી</u>    તા. ૦૮.૦૮.૨૦૧૭

**કોંગ્રેસ મતગણતરી અટકાવવા ચૂંટણીપંચ પર ખોટું દબાણ લાવી, ફરી એકવાર ગુજરાતને ટારગેટ બનાવીને ગુજરાત બદનામ થાય તેવા નિષ્ફળ પ્રયાસો કરી રહી છે**

---

**કોંગ્રેસ ગમે તેટલા વાંધા-વચકા કે વિવાદો કરે તો પણ ભાજપાના ત્રણેય ઉમેદવાર રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની અને શ્રી બલવતસિંહ રાજપૂતનો વિજય નિશ્ચિત છે.**

---

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની હાર નિશ્ચિત હોવાથી હતાશામાં ખોટા આક્ષેપો કરી રહી છે. મહિનાઓથી મીડીયાના માધ્યમથી કોંગ્રેસના ઝઘડાઓ અને તેમના નિષ્ફળ નેતૃત્વને છુપાવવા કોંગ્રેસ અત્યારે ચૂંટણીપંચ પર ખોટા આક્ષેપો લગાડીને રાજ્યસભાની મતગણતરીઓ રોકાવી દીધી હતી. ૧૭૬ ધારાસભ્યોના મતદાન પૂર્ણ થયા પછી કોંગ્રેસના ધારાસભ્યોએ કોંગ્રેસના નેતૃત્વ સામે વિરોધ નોંધાવી ક્રોસ વોટીંગ કર્યું જેથી કોંગ્રેસ બોખલાઈ ગઈ છે અને હાર નિશ્ચિત લાગતા બેબુનિયાદ આક્ષેપો અને વાંધા-વચકા નાંખવાનું શરૂ કર્યું છે. તેમજ મતગણતરી અટકાવવા ચૂંટણીપંચ પર ખોટું દબાણ લાવી રહી છે અને એક વાર ફરી ગુજરાતને ટારગેટ બનાવીને ગુજરાત બદનામ થાય તેવા નિષ્ફળ પ્રયાસો કરી રહી છે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, આ અગાઉ પણ ગુજરાત કોંગ્રેસ અસાલમતીના મુદ્દે ગુજરાતને બદનામ કરવા પોતાના ધારાસભ્યોને અતિવૃષ્ટિના સમયે પણ પ્રજાથી દૂર રાખી બેંગલોરના ફાઈવ સ્ટાર રીસોર્ટમાં બંધક બનાવી રાખ્યા હતા અને ગુજરાતમાં લાવ્યા પછી પણ રક્ષાબંધનનો પવિત્ર તહેવાર ન ઉજવવા દઈ ગુજરાતમાં પણ બંધક રાખ્યા હતા. કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધીની મુલાકાતના પ્રોપોગેન્ડા કરતા સવારથી સાંજ ધરણા પર બેસી શકે છે પરંતુ પ્રજાની સેવા કરવા માટે કયાંય અસરગ્રસ્ત વિસ્તારોમાં મુલાકાતે ગયા ન હતા. કોંગ્રેસને જુઠ્ઠાં આક્ષેપોની ટેવ પડી ગઈ છે. તેમણે નોટા અંગે પણ ચૂંટણી પંચ અને ભાજપા પર આક્ષેપો કર્યા હતા. તેમની અરજી સુપ્રીમ કોર્ટે પણ ગ્રાહ્ય રખી ન હતી અને હવે ફરીથી ચૂંટણી પંચ પર દબાણ લાવીને મતગણતરી અટકાવી દીધી હતી. પરંતુ અમને ચૂંટણી પંચ પર પૂર્ણ વિશ્વાસ છે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, બિનજરૂરી વાંધા-વચકા કરી, આક્ષેપો લગાવી ગુજરાત અને ગુજરાત ભાજપાને બિનજરૂરી બદનામ કરી રહ્યા છે. રાજ્યસભાની ચૂંટણીમાં પોતાની હાર ભાળી જતા મત ગણતરી અટકાવીને પોતાનું જુઠ્ઠું પોત પ્રકાશ્યું છે. ગુજરાતમાં કોંગ્રેસના વિસર્જનની શરૂઆત થઈ ગઈ છે, કોંગ્રેસ ગભરાઈ ગઈ છે, કોંગ્રેસ પાસે પ્રજાલક્ષી એજન્ડા નથી, કોંગ્રેસ ગમે તેટલા વાંધા-વચકા કે વિવાદો કરે તો પણ ભાજપાના ત્રણેય ઉમેદવાર રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની અને શ્રી બલવતસિંહ રાજપૂતનો વિજય નિશ્ચિત છે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ